રજુ તારીખ : ૨૫/૦૨/૨૦૨૬
દાખલ તારીખ : ૨૫/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૧ ૦૨

**આંક– 11**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૯૧/૨૦૨૬**

---

**અરજદાર – દેવાયતભાઈ અરજણભાઈ ચૌહાણ,**
ઉ.વ.આ.૫૦, ધંધો–માલઢોર,
રે. સરકારી દવાખાના પાછળ, સોનગઢ,
તા.શિહોર, જી.ભાવનગર.
હાલ : જયુડીશ્યલ કસ્ટડી,
જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એ.બી.ભટ્ટ.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.એ.મહેતા.
મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી. ડી.એમ.ભારોલા.

---

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદાર/આરોપી તર્ફે સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૬૦૦૩૪/૨૦૨૬ થી નોંધાયેલ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ ૩, ૪, ૪(૧), ૪(૨), તથા ૪(૩) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. તેમજ મુળ ફરિયાદી તેમના વિ.વ.શ્રી ડી.એમ.ભારોલા મારફતે હાજર થયેલ છે અને આંક-૦૮ થી વાંધા રજુ કરેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને કોઇ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દેવામાં આવેલ છે. કહેવાતી ફરિયાદવાળી જગ્યામાં અરજદાર/આરોપીનો કબજો નથી. ફરિયાદ દાખલ કરવા ફરિયાદીને સંસ્થા તરફથી કોઇ પરવાનગી મળેલ હોય તેવી વિગત જણાઇ આવતી નથી. ફરિયાદી ફરિયાદ કરી શકે કે કેમ ? તે હકીકત સ્પષ્ટ થતી નથી. ફરિયાદની વિગતો ધ્યાને લેવામાં આવે તો ૨૨ માસ જેટલી મોડી ફરિયાદ કરેલ છે. સોનગઢ ગુરુકુળ સંસ્થા પાસે કુલ કેટલા સર્વે" નંબરવાળી જમીન છે તેવી કોઇ વિગત જાહેર કરેલ નથી. વાદગ્રસ્ત જમીનના ગામ નમુના નંબર-૭ ની વિગત ધ્યાને લેવામાં આવે તો ફરિયાદમાં જણાવેલ હકીકત ખોટી જાહેર થાય છે. નોટીસની વિગતો ફરિયાદમાં ખોટી જણાવેલ છે. ખરી હકીકતે અરજદાર પાસે સદરહું કવાર્ટરનું પઝેશન ન હોવાનું પ્રથમિક દ્રષ્ટિએ માની શકાય તેવી વિગતો જાહેર થયેલ છે. અરજદાર/આરોપીએ ગુરુકુળની કોઇ જગ્યામાં દબાણ કરેલ નથી. તા.૧૭/૧૦/૨૦૨૫ નાં રોજ થયેલ હુકમ સંબંધે હાલની ફરિયાદ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ શા માટે દાખલ કરેલ છે તેવી કોઇ વિગત સ્પષ્ટ થતી નથી. અરજદાર/આરોપીના ભાઇનું ખુન સોનગઢ ગુરુકુળ સંસ્થામાં થયેલ છે. તે સંબંધેનો સેશન્સ કેસ નં.૧૧/૨૦૨૪ હાલ પેન્ડીંગ છે. તેમાં હાલના ફરિયાદી સહિતના વ્યકિતઓ શંકાના દાયરામાં હતા. ખોટી રીતે દબાણમાં લાવવા માટે હાલની આ ફરિયાદ કરેલ છે. અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. આ કામના અરજદાર/આરોપી કુટુંબી કબીલાવાળા માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારની જવાબદારી છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. કોઇ

ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તપાસને કોઇ નુકશાન થાય તેમ નથી. તેમજ તપાસના કામે પુરતો સહકાર આપવા તૈયાર છે. અરજદાર/આરોપીને જો લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. તેમજ નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં મૂળ ફરિયાદી તરફે આંક–૦૮ થી રજુ કરવામાં આવેલ વાંધા મુજબની તેમની દલીલ હોવાનું જણાવેલ છે. વધુમાં, દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ ૩, ૪, ૪(૧), ૪(૨), તથા ૪(૩) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. તેમજ આ પ્રકારના ગુન્હાના કામે ફરિયાદ દાખલ કરવી કે નહિં તેનો રીપોર્ટ ધ્યાને લઇ કમીટી નકકી કરે છે. તેથી ખોટી રીતે અરજદાર/આરોપીને સદર ગુન્હાના કામે સંડોવવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદાર/આરોપીને માલિકીના પુરાવા રજુ કરવા માટે પુરતી તક આપવામાં આવે છે અને તેવા કોઇ પુરાવા રજુ કરવામાં અરજદાર/આરોપી નિષ્ફળ ગયેલ છે. અરજદાર/આરોપીનો ગેરકાયદેસર કબજો હોવાનું ફલિત થાય છે. જી.એલ.જી.પી. એકટમાં લીમીટેશનની કોઇ જોગવાઇ નથી. જેથી ફરિયાદ કોઇપણ સમયે દાખલ કરી શકાય છે. અરજદાર/આરોપીનો વાદગ્રસ્ત મિલકત ઉપર ગેરકાયદેસર કબજો છે અને જમીન પચાવી પાડેલ છે. જો અરજદાર/આરોપી ને આવા ગંભીર ગુન્હાના કામે જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની અવળી અસર થાય તેમ છે અને આ પ્રકારના ગુન્હાઓ કરવા લોકોને પ્રોત્સાહન મળશે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સાક્ષી પુરાવાઓ સાથે ચેડા થવાની શકયતા રહેલી છે અને અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવ્યેથી નાસી ભાગી જાય તેવી પણ શકયતા રહેલી છે. અરજદાર/આરોપીની વાદગ્રસ્ત જગ્યા ખાલી કરી આપવાની ઇચ્છા નથી. તે તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક–૦૩ તથા આંક–૧૦ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. મૂળ ફરિયાદી તરફે આંક–૦૮ થી રજુ થયેલ વાંધા તથા આંક–૦૯ થી રજુ દસ્તાવેજ વંચાણે અને ધ્યાને લીધા. આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, અરજદાર/આરોપીએ સોનગઢ ગુરુકુળની ગામ તળના જુના સર્વે નં.૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૩૭ ની કુલ ૧૦,૦૦૦ ચો.મી. ચીકુવાડી તરીકે ઓળખાતી જમીન તથા ગુરુકુળ સોનગઢ સંસ્થાના સ્ટાફ કાવર્ટર મિલકત નં.૧૨૪૬, ૧૨૪૭, ૧૨૪૮, ૧૨૪૯, ૧૨૫૦, ૧૨૫૪, ૧૨૫૫ તેમજ ગુરુકુળ સોનગઢ સંસ્થાની દિવાલ પાડી, બારી મુકી સ્લેબ ભરી, ગેરકાયદેસર કબજો કરી, ખેતીકામ કરતા હોવાના અને કવાર્ટરમાં રહેતા હોવાના તથા સ્ટાફ કવાટર્સમાં ગાયો–કડબ રાખી ગેરકાયદેસર કબજો કરેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. તેમજ આક્ષેપિત ગુન્હાના કામે સજાની જોગવાઈ મુજબ ૧૦ વર્ષ કરતા ઓછી નહીં પણ ૧૪ વર્ષ સુધીની કેદની સજા અને તેવી મિલકતની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષાની જોગવાઇ છે. તેમજ કલેકટરશ્રી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી દરમિયાન આ કામના અરજદાર/આરોપી ધ્વારા વાદગ્રસ્ત જમીન તેમની માલિકીની હોવા અંગેના કોઈ આધાર પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી અને કબજો પણ ખાલી કરી આપેલ નથી. વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક–૧૦ ના લીસ્ટથી રજુ કરેલ ફોટા આધારે અરજદાર/આરોપી ધ્વારા કોઈ દબાણ કરી જમીન પચાવી પાડેલ નહીં હોવાની તથા અરજદાર/આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાની કરવામાં આવેલ રજુઆત હાલના તબકકે ગ્રાહય રાખવાપાત્ર નથી અને તે પુરાવાનો વિષય હોય તે અંગે હાલની જામીન અરજીના તબકકે વિશેષ કોઇ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી નાસી ભાગી જાય અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતાઓ હોવાની વિ.એ.પી.પી.શ્રીની દલીલ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. વધુમાં, જો અરજદાર/આરોપીને આ પ્રકારના ગંભીર ગુન્હાના કામે જામીન ઉપર મુકત કરવામાં આવે તો વાદગ્રસ્ત જમીન–

મિલકતનો કબજો પરત ન આપે, તેમજ કાયદાનો અસરકારક અમલ ન થાય અને સમાજના અન્ય લોકોની કાયદેસરની માલિકીપણાની તથા સરકારી મિલકતોમાં બિનઅધિકૃત કબજો જમાવવા અન્ય લોકોને પ્રોત્સાહન મળે તેમ હોય, તેમજ સમાજમાં અવળી અસર પડે તેમ છે. તે તમામ હકીકતો, સંજોગો, ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ હાલના કામે અરજદાર/આરોપીની તરફેણમાં કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૩૦'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૩૦/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693